શ્રી

ગરબાવળી.

મુંબાઈ અને ગુજરાતનાં દેવાળાં વીશે.

ગરબી ૧.

સુનો ચતુર સુજાન, પરનારી શું પ્રીત કબુ નવ કીજીએ—
એ રાગની.

અલી મુંબઇ બેહેન, મુવો ધાગીને ભાંગ્યો તારો ચુડો.
લાવો વાલણને, પકડી ગરદન મસ્તક હવે મુંડો. ટેક.
એના સણગાર સરવે ઉતરીયા, એનાં કર કંકણ વીના કરીઆ,
એની અક્કલમાં પાહાણા પડીયા. અલી ૧.
તારો મેઘજીએ માટી માર્યો, લઇ જઈને દરીયામાં ભાર્યો,
બુડ્યો પણ કોઇએ નવ તાર્યો. અલી. ૨.
તારા સુરત સરખા તાત હતા, અમદાવાદ સરખા ભ્રાત હતા,
ભરૂચ પુત્રે પણ ખાધી ખતા. અલી. ૩.
માર્યું કુટુંબ ખુનીએ તારૂં, બગાડ્યું રૂપ તારૂં સારૂં,
કરી જોગણ તુજને કહું વારૂં. અલી. ૪.

ત્યારે મુંબઈ બેહેન બોલ્યા તાણી, સઉ સાંભળજ્જો મારી વાંણી.
હવે લોકોમાં કેહેવાઇ કહાણી. અલી. ૫.
કોઇ અમરતની કુપી લાવો, પાઈ ઉડાડોની કંથ મારો,
કેમ નથી સુણતા તમે પોકારો. અલી. ૬.
મારા બાગ બગીચા ને વાડી, ચીર પટોળાં સુંદર સાડી,
મ્યાના શીગરામ ને ગઇ ગાડી. અલી. ૭.
વેડ વીટી ને ચંદન હારો, ઘોડાવાંક સઉથી અતી સારો,
ઉતાર્યો મેઘજીએ મારો. અલી. ૮.
એ આદીક આભ્રાણ સઉ લીધા, સઉ કુટુંબને ગરીબ કીધા,
કેહે સુરતી નર એણે પ્રાણ પીધા. અલી. ૯.

હોપ સાહેબ વીશે.
ગરબી ૨.

ધન ધનરે તાપી માત, જગતને તારે છે,
આવું સુરત સરખું શેહેર દેવાળાં કાઢે છે. એ રાગની.

ભલે આવ્યોરે મીસ્તર હોપ, સુરત સંભારે છે;
લાવ્યો લાવ્યોરે વીલાતી રોપ, પ્રજાને ઠારે છે—ટેક.
સુરત શેહેરમાં આગ તણું દુઃખ, હતું બહુ હંમેશરે;

ઘર પાડી રસ્તા સુધારી, ટાળ્યું તે લવલેશ—સુરત સંભારેછે.—૧.
બંબાનું બળ વધી ગયુંને, બીજા પણ ઉપચારરે;
કીધા મીસ્તર હોપે તેથી, ખુશી થયાં નરનાર—સુરત સંભારે છે—૨.
રેલતણું સંકટ મહા મોટું, તેથી રક્ષા કીધીરે;
કચરાપટી સ્થાપીછે પણ, ડોશીઓ બહુ બીધી-સુરત સંભારે છે-૩.
દળિ કાંતી ઉદર ભરનારી, ડોશીઓની પાસરે;
દોઢ અને બે રૂપીઆ લઇને, કરિ તેને નિરાશ-સુરત સંભારે છે—૪.
દળવાની ઘંટી વેચાવી, રેંટીઆ પણ તે સાથરે;
તેથી બહુ અપકીરતી લીધી, મિસ્તર હોપે માથ-સુરત સંભારે છે ૫.
સુરતની શોભા વધારી, સડકોને સુધારીરે;
બાગ બનાવ્યો મિનારો ચણાવ્યો, હોંસે હોપ પધારી—
સુરત સંભારે છે—૬.
ભોલભાલા ફ્રેજર સાહેબના, મદદ કીધી મોટીરે;
પુલ થશે તો મીસ્તર હોપને, દેશિ મિત્ર તો કરશે કોટી—
સુરત સંભારે છે—૭.

સુધારાવાળા લાલાજીઓ વીશે.

ગરબી ૩.

મોહન ભાંગ ઘુંટાઇરે, કદમનીચે મોહન ભાંગ ઘુંટાઇરે;

ઘુટત ઘુંટત અકુળાઈરે, કદમનીચે મોહન ભાંગ ઘુંટાઇરે.

એ ઢાળ.

થયો છે સુધારો સુખદાઈરે,
લાલાજીઓને થયો છે સુધારો સુખદાઈરે;
વિસ્તારી કહું છું જો જો ભાઈરે.
લાલાજીઓને થયો છે સુધારો સુખદાઈરે. ટેક.
હાથમાં લાકડીને રૂમાલ ગ્રહીને,
વાંકી ટોપી માથે મુકાઈરે. લાલાજીઓને- ૧.
બાંગી બાંહ્યોના પેરી અંગરખા વળી,
પાંઉ પાટલુન પટકાઈરે. લાલાજીઓને- ૨.
ચમચમ બોલતાં બુટ પેહેરીને,
ઇસ્ટાકીંગ ચઢાઈરે. લાલાજીઓને- ૩.
વરણાગીમાં વાળ વધારી,
ગોટ પીટ બોલતા જાઈરે. લાલાજીઓને- ૪.
કપાળ કોરૂં મુખ પાનની બીડી,
એળચી ઉપરથી ખાઈરે. લાલાજીઓને- ૫.
ફ્લોરીડા વાટર ને લવંડરવાટર,
ગુલાબજળ છંટાઈરે. લાલાજીઓને- ૬.
ગુડ મોરનીંગ ગુડ નાઇટ કરતા,

એક બીજાનો કર સાઈરે. લાલાજીઓને- ૭.
કોઇ બ્રાંડીના બુચ ઉડાવેને,
કોઈ પીએ સોડા ધરાઈરે. લાલાજીઓને- ૮.
લેમનેડનો લીએ લાભ મઘનથી,
પાંઉ ને બીસકેટ ખાઈરે. લાલાજીઓને- ૯.
ઢેડ ને ભંગીઆનો ભેદ ન ગણતાં,
ચાલે છે તેઓને અથડાઈરે. લાલાજીઓને-૧૦.
શાસ્ત્ર પુરાણ ને દેવ દેવાલય,
કહેછે ખોટા સમ ખાઈરે. લાલાજીઓને-૧૧.
વેદની વાતને વહેમ ગણીને,
કરેછે અતી અકડાઈરે. લાલાજીઓને-૧૨.
કામ ક્રોધ મદ માન ને ઇરષા,
લોભે રહ્યા છે વીંટાઈરે. લાલાજીઓને-૧૩.
બાહયથી સુધારો ને ભીંતર બગાડો,
ચઢી એવી ખુબ ખટાઈરે. લાલાજીઓને-૧૪.
દેશી મિત્ર કહે થયો એ સુધારો !,
સુધારો શાનો એ ભવાઈરે. લાલાજીઓને-૧૫.

હોપ સાહેબ વીશે.

ગરબી ૪.

હારીરે હારી પેલી શીટી સરવે હારી ! શીટી સરવેની સનદો
ચડકે ચાલી !

હોપની તોપ તો ફુટી નહીં ! ફુરરર થઇને ફસકી ગઇ !
પંડીતજી પધારશે હવે ! ખુશી થશે સઉ લોકો જવે !
ઉમેદરામની ઉમેદ ઘટી ! સનંદોની તાકીદ કરવી મટી !
એંટીજીની એંટ ન રહી ! પધારો દક્ષાણ ખાઇને દહીં !
બે બે રૂપીઆ કઢાવ્યા બહુ ! તેથી દેશે આશીસ સહુ !
નામ ત્રણેનું અવીચળ થયું ! સનંદોમાં સહીથી વળગી રયું !
હોપ તો સૌને કાળજે વસ્યો ! તે કેમ જાસે ખસેડયો ખસ્યો !
જોર કીધું સનંદો માટ ! ગરીબ ગુરબાંનો કાઢયો કાટ !
રૂપીઆ આપી સનંદો લો ! થશે સરકારી જમીન નહીં તો !
જે આપતાં લગાડે વાર ! ફેરા ખવાડી પમાડે હાર !
તેમ કરતાં જે આવે નહીં ! તેને મોકલે ફોજદારી મહીં !
દંડે ત્યાં રૂપીઆ દશ પાંચ ! હુકમ તોડયાની કહાડી ખાંચ !
થયા હેરાન સુરતના લોક ! આડા અવળા મુકે પોક !

પાણ કોઇની છાતી નહીં જરા ! હીમતવાન મેહેતાજી ખરા !
દુરગારામને લાગી દહાજ; નીકળ્યા પરમારથને કાજ.
ઠેઠ પોહોંચાડયા તેણે સહી; અરજ ખરી સરકારે લહી.
પણ આડે આવ્યો બહુ હોપ ! સોટી સરવેમાં કીધી ચોંપ !
સરકાર સમજી નહીં એ મરમ ! હોપે રાખ્યો છુપો ભરમ !
હાઇ કોરટમાં થોભાવ્યાં કામ ! પછી કઢાવ્યા વેગે દામ !
હવે રહયાં છે થોડાં છેક ! પણ રાખી સરકારે ટેક !
લોકોને લાભકારી થઇ; એ તો પીડા હવડે ગઇ !
સરકારે ઠરાવ્યું એમ; મરજી વીના લેવાએ કેમ !
આપે રૂપીઆ ખુશી થઇ; તો આપો સનંદો સહી.
નહીં આપે તો બેસી રહો ! રામ નામ મુખ બેઠા કહો !
શોટી સરવેના ભાગ્યા પગ ! હવે નહીં ચાલે એકે ડગ !
આપ્યા તેના રૂપીયા ગયા ! સનંદોના ચીથરાં ઘરમાં રહયાં !
સુરીય પ્રકાશ તો લાભ્યો આજ ! સનંદ લીધી છોકરાંને કાજ !
છોકરાં દેશે આશીશ ઘણી ! (કે) બાપો મારો નીકળ્યો માણી !
સનંદ લાવ્યા બહુ હોંસે કરી ! વારસમાં દોલત એ ખરી !
હાસ કરીને હઇડે ધરી ! ફાટી જશે તો લાવીશ ફરી !
મારો બાપો તો બહાદુર ખરો ! લોકોથી જરા નવ ડર્યો !
ઉસકેર્યા લોકોને બહુ ! સનંદ લેજો ભાઇઓ સહુ !

છે એમાં બહુ મોટો લાભ ! લીધી તેણે મારી ધાભ !
પણ વીચાર્યું નહીં મન જરા ! (કે) લોકો પુઠે રડશે ખરા !
ગોરાની મેહેરબાની કાજ ! લોકોની નવ જાણી દહાજ !
(પણ) ગુજરાત મીત્ર તો આકું પડ્યું ! શીટી સરવેને તે તો નડ્યું !
હવે થશે નહીં જોર જરૂર; જશે શીટી સરવે માહા કૂર !
સનંદ હવે કોઇ લેશો નહીં, દેશી મિત્રે તો શીખજ કહી.

ગાયકવાડ મલારરાવ વીશે.

ગરબા ૫.

થયો ગાયકવાડ ડહાયો જો !; પાટલે બેશીને નાહ્યો જો !.
જારે કમીશન બેઠું જો; ત્યારે શાલ પેઠું જો !.
અંગરેજે વીચાર્યું જો; પછી જોર માર્યું જો !.
તજવીજ થોડીક કીધાં જો !; પછી શીક્ષા દીધી જો !.
મેહેતલ આપી માસ અરાડ; કીધો એવો કોલ કરાર !.
એ મુદતમાં રાજ શુધાર; જરૂર નવ લગાડીશ વાર.
જો શુધારો કરશો નહીં; તો અમે નહીં કરશું ગઇ.
વીચાર મોટો કરશું સહી; માટે અક્કલ લાવો ગઈ!.

ત્યારે તો બહુ ફાળજ પડી; ચટકી એને ચીતે ચડી !.
ખટપટીઆ કારભારી ઘણા; કારસ્તાન નડીયા તે તણા.
તેહને કહાડી મુકયા ખરા; પણ નથી ભરોશો જરા !
આપ્યાં પાણીચાં પાંચોને !; તેનાં નામો વાંચોને !.
હરીબા દાદા તો ખરો !; તે વળગ્યો તો મોહોટો ઝરો !
માહાલેનો તે શુબો હતો; ખટપટીઆમાં થએલો છતો.
કહાડી મુકયો તેને હવે; ખુસી થયા સૌ લોકો જવે.
બીજો નહાના આનવેલકર; જેને ઇશ્વરનો નહીં ડર.
પકડાવ્યું ગડગડીયું એક !; સુકું પણ નહીં પાણી છેક !.
એ માજી હતો દીવાન; તેની સૌને છે પીછાન.
ત્રીજો બાબા યશવંત ભણું; રાજાના ગળાનું ડણું !.
માજીસ્ટેટનું કામજ કરે !; ફોજદારીમાં ઘરજ ભરે !.
તેને આપ્યાં શ્રીફળ જોડ !; ગયો રાજનો ધોળો કોડ !.
ચોથા નારાણભાઇને ગણું; બેશો જયાં તે ભોંયજ ખણું !.
હરીબાનો મદદગાર તેહ; તે દેતો લોકોને છેહ.
બાંધી હરીબાને ડોક !; કાઢયો તેથી રાજી લોક.
આવની પાંચમાં બળવંત દેવ !; હવે કરૂં છું તારી સેવ !.
ચારની પાછળ પાંચમો તું !; નીકળ, વાર લગાડે શું !.
મુસી સરખા પાંચે ખરા; કોચી રાજને પાડયા ડરા !.

અંગરેજના દબાણે કરી; મુકયા કાઢી મનમાં ડરી.
દાદાભાઇ દીવાનજ થયા; કીધી એ ઇશ્વરે દયા.
રાજ સુધરવા આશા થઇ; પણ હજી રહી છે ખઇ.
વિદ્યાએ તેને કરશે શાહી; જાણુ ત્યારે પીડા ગઇ.
ગાયકવાડનું ભાગ્ય જો હોય; સુધરશે એ રાજજ તોય.
રેસીડંટને જશ છે બહુ; આસીશ દેશે તેને સહુ.
દેશી મિત્ર દેશે સરપાવ !; આવશે જયારે એવો દાવ !.

અમદાવાદના પુનરલગન વીશે.

ગરબી. ૬.

સારૂં સારૂં રે સુરત શેહેર, મુંબાઇ અલબેલી.
એ રાગ.

ધન ધનરે જડાવકોર બાઇ, ધન તારી છાતીને;
તને મળ્યો ભલો ભરથાર. ધન તારા માટીને. ટેક.
નગર એક આમદાવાદ મોટું, ગુજરાતમાં વિખ્યાતરે;
તે સ્થળના રેહેવાશી જન છો, વિશા શ્રીમાળી ન્યાત. ધન. ૧.
જૈન ધરમમાં જનમ તમારો, અવસ્થા જુવાનરે;

વીધવાનું દુઃખ સહન થયું નહીં, બંધાયા બે પ્રાણ. ધન. ૨.
તારીખ ચોવીશમી સપટંબર, ગુરૂવાર છે રૂડોરે;
સને અરાડ ચુમોતેરને દીન, પેહેર્યો સુંદર ચુડો. ધન. ૩.
પતી પ્યારો લલુભાઇ તુજને, બાંધ્યા તે સંગ બેલાંરે;
મહીપતરામની મદદ થઇ તો, કરશે શું જન પેલાં. ધન. ૪.
રૂડી રીતે લગન થયા ને, ધામધુમ થઇ ભારેરે;
લોકના થોક બહુ ભેગા થયા તે, લાગ આવે તો મારે. ધન. ૫.
મહા સંકટથી હાથ મેળાવ્યા. નીરવીઘને શીધાવ્યાંરે;
પાછળથી પિસ્ટાલ પડેછે, લોકે બહુ બહુ ચાવ્યાં. ધન. ૬.
જડાવકોરની સાસુએ તો, માંડી છે ફોજદારીરે;
બંધ થયો વેહેવાર સમુળો, એ દુખ છે બહુ ભારી. ધન. ૭.
દીવો દેવતા બંધ કીધાં ને, ઓળો પાણ નહીં લેશેરે;
ન્યાત જાતથી અળગા થઇને, જાશે દહાડા કલેશે. ધન. ૮.
કન્યાશાળા બંધ પડીને, ભણતીને ઉડાડીરે;
થઇ પાદ્રીની નીશાળ સુની, સુકાઈ લીલી વાડી. ધન. ૯.
એ જોડાનું થાય છે શું તે, દેશી મિત્ર તો જોશેરે;
શુખી થશે તો હસશે બંનો, નહીં તો બેઠાં રોશે. ધન. ૧૦.

લક્ષ્મીબાઈને પુત્ર આવ્યો તે વીશે.

ગરબી ૭.

મનડાના માન્યા મોહન મારે મોહોલે આવો;
મારે મોહોલે આવો કાના શીદ તરસાવો.—મનડા.
એ રાગની.

જાયો કુંવર એક તેં તો લક્ષ્મી બાઇ !
તેં તો લક્ષ્મી બાઇ તારી થઇ સરસાઇ !. જાયો. ટેક.
પરણ્યા પછી તો પાંચ માસનીજ માંઇ !,
પુત્ર થયો તેની તો અતીશે નવાઈ !;
છઠનો દીવસ તને થયો સુખદાઈ. જાયો. ૧.
આશો શુદી તથી ને વાર સુક્ર માંઇ,
અકટોબરની સોળમીએ ગવાઇ વધાઈ !,
લક્ષ્મી બાઇ થઈ એક કુંવરની માઈ !. જાયો. ૨.
દેશી મીત્ર તો નથી એમાં ખુશી કાંઇ,
પાટવી કુંવર નવ જાણો કોઇ ભાઈ,
પરણ્યા પેહેલાં રાજાએ કીધીતી સગાઇ. જાયો. ૩.

નામદાર પ્રીન્સ ઓફ વેલસ વીશે.

ગરબી ૮.

સારૂં સારૂં રે સુરત શેહર મુંબાઈ અલબેલી.

એ રાગ.

થાઓ થાઓરે ખુશી સૌ લોક, રાણી સુત આવે છે;
જેથી મટશે સઘળા શોક, અતી મન ભાવે છે. ટેક.
માહારાણી વીકટોરીયા કેરા, પુત્ર વડા છે એજરે;
જે નૃપ થઇને રાજ ભોગવશે, આપણ ઉપર તેજ. રાણી-૧.
તે શાહજાદો હીંદુસ્થાનમાં, જોશે આપણા દૂખરે;
સુખના સ્થળ સૌ સમાઇ ગયાં તે, જોતાં ભાગશે ભુખ-રાણી-૨.
ધનવંતુ હીંદુસ્થાન તે તો, નીરધન થઇને બેઠું રે;
રમાબાઈ રીસાઇ ગયાં ને, સઘળું દળદર પેઠું. રાણી-૩.
તેની કરશે ખોજ ખરી ને, કરશે શુભ ઉપચારરે;
તો કરશે નરનારી તેપર, બહુ બહુ મનથી પ્યાર. રાણી-૪.
પીડાતી પ્રજાને નજરે, જોશે ધારી ધારીરે;
તો તેનીપર દેશી મિત્ર તો, સરવસ નાંખશે વારી. રાણી-૫.

મ્યુનીશીપાલીટી વીશે.

ગરબો ૯.

આવો રે આવો તમે ઢોલકી બજાવો.
મેમ્બરો મળી સઉ તાળી પાડી ગાઓ.
હોપનાં કામને મારીને હઠાવો,
ફરી ફરીને નવા વેશો ભજાવો.
હોપનાં કરેલાં કામ ફેરવીરે નાંખો,
મત તમારૂં હવે ફેરવીને દાખો.
કન્યાશાળાનાં દામ આપતાં રે કીધાં,
તે તો ફરીથી બોલ પાછારે પીધા.
હવે આપોની એમ ઓચર્યા રે સહુ,
તે તો લાગે છે મુને તાજુબી બહુ !
સારા કામને શીદ ધોકો લગાડયો ?
પાયો કેળવણીનો જુજ તોડી પાડયો.
વારે વારે રે શીદ થાપ્યું ઉથાપો,
આપતા આવ્યા છો તેમ અહો નીશ આપો.
પ્રેસીડંટની પીઠે શાને હીંડો છો ?.

ખરૂં બોલવામાં તમે શાને બીહો છો?
તમે તમારૂં દુ:ખ રોજ રોજ દાખો,
પણ ગરીબડાનું થોડું તો ભાખો.
માર્ગ પરાના તમે જાતે જઇ જુઓ,
પછી તેનું દુ:ખ સેહેજ સાજ રૂઓ.
ગાડી ઘોડાના રાહા સુખે સુધારો,
ગલી કુંચીને નહીં થોડી સંભારો?.
રૂપીઆ તો છે હવે હાથપર ઘણા,
તેથી સુધારો માર્ગ પરાઓ તણા.
પરાતણી પીડ ભાઇ થોડી તો જુઓ,
ગરીબોનાં દુખડાં થોડાં થોડાં રૂઓ.
એકલપેટા તો થશો નહીં ભાઇ છેક,
થોડો ઘણો કાંઇ રાખો વીવેક.
દેશી મિત્ર તો રેહે છે મનમાં વીચારી,
શેઠીઆની પેઠે કેમ કરે મારી તારી.

વીશાલાડના ભગાભાઈ વીશે.

ગરબી ૧૦.

રીશાવ્યા રશીક સંઘાથે રાધા. એ ઢાળ.

રીસાવ્યા લાડતણી ન્યાતીલા,
જમ્યા નહીં મગજ ઘણાનો હઠીલા. રીસાવ્યા. ટેક.
મરણ થયું ભગારે ભાઇ પોતાનું,
લીધું ન્યાતે એક મજાનું બહાનું,
વેચાવ્યું કીધું હતું જે ખાનું. રીસાવ્યા. ૧.
કહે ન્યાત મરણનું કારજ સીધું,
ભાણેજે વણ અધીકારે કીધું,
તેથી તમે સંકટ માથે લીધું. રીસાવ્યા. ૨.
તમે પીતરાઇનો લાભ ન જોયો,
હતો ખરો હક તેનો તમે ખોયો,
તેથી દુધપાક તમારો કોયો, રીસાવ્યા. ૩.
ભાદરવાની અમાસનો દીન કાળો,
ત્રયોદશાને દીન પડીઓ ખાળો,
જમ્યા નહીં ન્યાતે કીધો એક ચાળો. રીસાવ્યા. ૪.

પુછો કોઇ શાસ્ત્રીને શીવાં બોલાવો,
વળી ગોસ્વામી પાસે સઉ જાવો,
પછીથી મગજને દુધપાક ખાવો. રીસાવ્યા. ૫.

નહીં અંત આવ્યો પુછેથી કાંઇ,
તેથી નવ જમીઆ વીશા લાડ ભાઇ,
ફજેતી શી સોનીફળીઆ માંઇ. રીસાવ્યા. ૬.

આને શેર દુધપાક ગયો વેચાઇ,
મગજ દશ રૂપીએ લીધો લોકે જાઇ,
ભાણેજ ભગાભાઇના નીકળ્યા નહાઇ. રીસાવ્યા. ૭.

પુંજી આપી ભાણેજને ભગાભાઇ,
ત્યારે રીસાઇ ન્યાત પીતરાઈ,
તેથી તેરમું જમીઆ કોઇ નાઇ. રીસાવ્યા. ૮.

હવે તો દીવસ ગયો થયું ધૂળ,
કીધું ઉભું ન્યાતે માહા મોટું સૂળ,
કીધી દશી મિત્ર કહે એ તો ભૂલ. રીસાવ્યા. ૯.

દેશીકારીગરીને ઉત્તેજન આપવા વીશે.

ગરબી ૧૧.

અજબ સલુંણી પ્યારી મરગાનેંણી તેં મોહન બસ કીંનોરે.

એ ઢાળ.

હિંદુ પારસી મુસલમાન સૌ, હુંનરને આબાદ કરો;
દેશિ કારીગર ભૂખે મરે છે, દયા તેમની દિલ્લ ધરો. ટેક.
પ્રથમ આપણો દેશ હતો જે, સૂર્ય સમાણો તગતગતો;
ગઇ રોશની થઈ ગયું અંધારૂં, જેમ તારો ભૂપેં ખરતો—હિંદુ ૧.
ઘટયું નૂરનેં ઘટી કમાણી, ઘટયો સંપ કુસંપ વધ્યો;
વળી ઇરશા તોર વધ્યો બહુ, તેથી જર પરદેશ ગયો—હિંદુ. ૨.
હુન્નર વિદ્યા કળા ચાતુરી, સૌમાં આ સરદાર હતો;
બેનમુન નકસિદાર સામન, અહીંથી તે વીલાત જતો—હિંદુ. ૩.
વિદ્યામાં વિખ્યાત વિદેશો, વેપારી વીલાત જતા;
ઝંદ ફારશી સંસ્કૃત માંહી, ગ્રંથકાર અનેક થતા—હિંદુ. ૪.
અસલી સુરત સ્હેર કહાવે, પ્રથ્વીપર પ્રખ્યાત હતું;
યૂરોપ આદીક સર્વ દેશમાં, કાપડ આદી સર્વ જતું—હિંદુ. ૫.
વેપારી અંગ્રેજ થયા છે, અહીંના લોક થયા ખાલી,

દોરી સંધી એના કરમાં, દેશો દેશ બેંકો ઘાલી—હિંદુ. ૬.
સરાફ ગાદી તકીયા ફાડે, અંગ્રેજે આંજી નાંખ્યા;
ધોરધાર સૌ અહીંની ગઇ છે, સવાદ જો કેવા ચાખ્યા.—હિંદુ ૭.
મ્હો રાખે રાતું લપડાકે, સેલાંણી સુરતી લાલા;
નળીયારૂં તહાડું કોઇનું નહીં, ગુમ થયા અસલી ગાળા—હિંદુ. ૮.
મુફલીશ મુસલમાન થયા છે, હિંદુ પણ તેના જેવા;
વેપારી નોકરીયો ધુંડે, કર્મે ચોંટી છે સેવા— હિંદુ. ૯.
વેપારે લક્ષ્મીની વૃદ્ધિ, નોકરીમાં તે નહિં જાંણો;
શ્રિમંત જ્ઞાની ગરીબ સોધો, અસલી હુન્નરની ખાંણો-હિંદુ-૧૦.
હુન્નરથી હુરમત વધારો, હિંમત હારી નવ જાશો;
હિંમતની કિમત નહીં જગમેં, હીમતથી સવળો પાસો-હિંદુ-૧૧.
સ્વદેશ ખાતર ઘુમી રહ્યા છે, યૂરોપીયન ઠાંમે ઠાંમે;
એથી ઉલટા આપણ કેવા, તીરસ્કાર દેશી નાંમે—હિંદુ-૧૨.
દેશી જન થઇ દેશાભિમાની, એક દિલથી સંપ કરો;
આપી ઊતેજન દેશી માલને, હુંનરથી આ દેશ ભરો—હિંદુ-૧૩.
અદલ રાજ અંગ્રેજ તણું છે, સ્વતંત્રતા સોંપી સહુને;
વાઘ બકરીનો એક ઓવારો, કહાં રાજા કે કહાં મઉને-હિંદુ-૧૪.
દેશીકળા ઉત્તેજન ખાતર, દુકાન કાઢી શેર ભરો;
દેશી હુન્નરશાળા સ્થાપી, સંચાઓનો સોધ કરો—હિંદુ-૧૫.

હીર ગયું નીરમાલ થયા છો, ઉપાય ઉદ્યમ તરવાના;
નવી યુક્તીઓ નહીં ધુંડો તો, દેશી રવડી મરવાના—હિંદુ-૧૬
અમેરિકા ઇંગ્લંડ ચીન જાઇ, હુંન્નરને ઘસડી લાવો;
ધીરજરાંમ કહે ભીડો સ્વદેશી, વ્હેંમતણો ખોડો કહાડો-હિંદુ-૧૭.

પેલી લટકાળી ગરબા ગાનારી વીશે.

ગરબી ૧૨.

જીરે રોકયો છે ઘાટ ગોવાળીએ જો.
એ રાગ.

અલી ઘેલી ગાનારી ઘેર જા કહું જો,
તારો ધણી જુએ છે ઘણી વાટ જો,
હાંરે તારો રાખ્યો કરે છે વલોપાત જો. અલી— ૧.
અલી શું રે બતાવે તારો ઠમકો જો,
પેહેરી રાતી કંચુકી તસ તસ જો;
હાંરે રાનો કપાળે કરી ચાંદલો જો,
કરે મચકો મરદો જોઈ મસ જો. અલી— ૨
અલી મુખડું મરોડી વાંસે શું જુએ જો,
ઊભા પુઠે અનેક તારા દાસ જો;

હાંરે તારા પગના તોડાપર ઘુઘરા જો,
તે જોઇને વધે છે તને જોસ જો. અલી– ૩.
અલી પેહેરી ચીતલ પચ રંગના જો,
પાડી પટીઆં હોળી શીર કેશ જો;
હાંરે વાંકે અંબોડે વેણી સોભતી જો,
આંખે આંજી કાળી કાળી મેશ જો. અલી– ૪.
અલી સાડી સુરતની સોહયામણી જો,
તેમાં ચટાપટાની બહુ ભાત જો;
હાંરે કરે કડું કંચનનું ચડાવીયું જો,
તને જાણુતી મરો તારી માત જો. અલી– ૫.
અલી પાડે તાળીઓ ફરે ઘુમતી જો,
મારે નેણાં નાચાણની ચાલ જો;
હાંરે તે જોઇને જુવાન જન લોભશે જો,
તારો લટકો જોઇને વાધે વ્હાલ જો. અલી– ૬.
અલી ઢોવો માટી ને માબાપનો જો,
નથી ધાક કેનો શીર લેશજો;
હાંરે મતવાલી થઇને ફરે ફુદડી જો,
બાંધી તાણી કંચુકીની કેંસ જો. અલી– ૭.
આલી દશ આવે ને વીશ જાય છે જો,

મુકી આશા વળે છે ઘેર આપ જો;
હાંરે માટે જાની ઝડપથી કામની જો,
રડી મરતાં બાળોનું લાગે પાપ જો. અલી– ૮.
અલી પર પુરૂષને શું રીઝવે જો,
ભલો હોય ભુંડો ભરથાર જો;
હાંરે કરો તેનું સેવન રૂડી રીતથી જો,
તેથી આવે સંસારનો પાર જો. અલી– ૯.
અલી ગરબા ગાઇને ખોઇ રાતડી જો,
તેં તો માંડયો ભલો રોજગાર જો;
હાંરે ભલભલા ભોળાને નાંખ્યા ભોળવી જો,
તું તો ખાશે જમડા તણો માર જો. અલી–૧૦.
અલી કયો ઝવેરી છડો લાવીઓ જો,
કોણ લાવ્યો કંચુની કીનાર જો,
હાંરે કેને આલી અંગુઠી હેમની જો.
આપ તેનો ઉત્તર લાગે વારજો. અલી–૧૧.
અલી લોકો મળ્યા છે તારે કારણે જો,
સુણી નામ તારાનો મહીમાય જો;
હાંરે તું તો ભુંડી કહાવે માહા ડાકણી જો,
નીત અનેક પુરૂષને ખાય જો. અલી–૧૨.

અલી ગંદુ હશે તે તને ગાંઠશે જો,
દૂર રેહેશે ડાહ્યા શૂરવીર જો;
હાંરે દેશી મિત્રના ભુતે જોડી ગરબી જો,
મન રાખી અતીશે ધીર જો. અલી–૧૩.

વ્યભીચારણી રાંડો વીશે.

ગરબી ૧૩.

લીલી પીળી ને રાતી ધજા કે, રણછોડ રંગીલો;
પેલા ફુક્કડોને જોવાની મજા કે. રણછોડ.
એ તો માનીજાણી સંગ ફરે કે. રણછોડ.
નહીં ભવ જગતથી ડરે કે. રણછોડ.
થયા દારૂતણા ભગત રે. રણછોડ.
ધીમે ધીમે બગાડયું જગત રે. રણછોડ.
ખાઇ માસ હાડ બાંધ્યા કોટ રે. રણછોડ.
એને ગઈ સમૂળી ખોટ રે. રણછોડ.
પેલી વેશીઆનો આવ્યો વારો કે. રણછોડ.
કહું વાત તેની ઊર ધારો કે. રણછોડ.
તે તો પરણ્યા પતીને છોડી કે. રણછોડ.

પર પુરૂષથી પ્રીતડી જોડી કે. રણછોડ.
કોઈ મુવા માટીની રાંડ રે. રણછોડ.
તે તો રાખ્યા સું કરે બહુ લાડ રે. રણછોડ.
એવી ઠામ ઠામ ભાળી રીત રે. રણછોડ.
નથી રહી લગારે છીટ રે. રણછોડ.
દેશી મિત્ર દેખી દીલ દાઝે કે. રણછોડ.
લે છે શ્રમ પોડો તે કાજે કે. રણછોડ.

દુકાળ વીશે.

ગરબી ૧૪.

મીઠડાં ગોરસ લો ગોરસ લો. એ રાગ.

પ્રભુનું ભજન કરો ભજન કરો. ટેક.
હાંરે ગયો દુકાળ કાળું મુખ લઇને, હાંરે પડયો રત્નાગરમાં જઇને,
હાંરે ઉગાર્યા દીન જન કંઇનેરે. પ્રભુનું—૧.
હાંરે થઈ વૃષ્ટી અતીસે સારી, હાંરે કરો સેવ ઘુઘરાને ધારી,
હાંરે ઢોગ આવે છે દીવાળીરે. પ્રભુનું—૨.
હાંરે મેઘજીએ મેહેરજ કીધી, હાંરે જારે આજ્ઞા પ્રભુએ દીધી,
હાંરે દેશી મિત્ર પામ્યા નવ નીધીરે. પ્રભુનું—૩.

ગરબાના સેલાણીઓ વીશે.

ગરબો ૧૫.

આવજો આવજો આવજોરે, મારા સમ કાલે આવજો.
એ રાગ.

લાલીઆ લાલીઆ લાલીઆરે,
આજ લોક બન્યા બહુ લાલીઆ. ટેક.
ભાડે મગાવી એક સીગરામ સારી,
રાંડો લઇને સાથે ચાલીઆરે. આજ. ૧.
પરણી નારી પોક મુકે ખાવાને,
આપે ખાવા ધાણી દાળીઆરે. આજ. ૨.
રાખેલી રાંડોને આપે ઘારી ને બરફી,
એવાછે નાલીઆ જમાલીઆરે. આજ. ૩.
પરણી નારીને પીટે લઇ લાકડીને,
રાખના ગુલામ બની હાલીઆરે. આજ. ૪.
છોકરાં રડે બાઉ બાઉ કરીને,
તેને શાળો કહી આપે ગાળીઆરે. આજ. ૫.
રાખેલીના જાયા ખાય પેંડા ને બરફી,
પડો મુખ ધુળ પેહેરો છાલીઆરે. આજ. ૬.

સાથે સીસા લીએ જલદ દારૂના,
ઠાંસે મુજીઓ તે કલાલીઆરે. આજ. ૭.
દીજ ને વણિકે માંડયો વેપલો ખાસો.
કંઇકને દેશી મિત્રે ઝાલીઆરે. આજ. ૮.

મી૦ જગજીવનદાશને વધામણાં વીશે.

ગરબો ૧૬.

જીરે રોકયો છે ઘાટ ગોવાળીએ જો.
એ રાગ.

ઘણું જીવો જગજીવનદાશજી જો,
તારી વધી પ્રતિષ્ટા આજ જો;
હાંરે તને ફળ્યું અંગ્રેજી રાજ જો—ઘણું—ટેક.
કારકૂન થકી વધ્યો આટલો જો,
તે તો તારી નૈયતનું ફળ જો;
હાંરે આજ મળી આવી મોટી પદવી જો,
જો કે મળ્યો હતો એક ખળ જો. ઘણું— ૧.
રાખી દયા ધાનત બદ ન કરી જો,
તેથી પામ્યો બહુ સનમાન જો;

હાંરે તારી ઉપર વધી લોક પ્રીતડી જો.
તારૂં ભલું ગણાય ખાનદાન જો. ઘણું— ૨.
વાળી આપ્યું સારૂં સરકારથી જો,
આપ્યો હોદ્દો મોટો કરી પ્યાર જો;
હાંરે બહુ નમ્ર થયો મુકી ગર્વને જો,
તેથી વધ્યા તારા બહુ યાર જો. ઘણું— ૩.
ડીસંબરની તારીખ રૂડી ત્રીશમી જો,
શનીવારે મળ્યું દરબાર જો;
હાંરે સને અરાડ છોતેરની સવારમાં જો,
દીલ્લી નગ્રમાં મળ્યાં નરનારજો. ઘણું— ૪.
તેની વચ્ચે મળ્યો ચાન માનથી જો,
ગવરનરે આપ્યો રૂડી પેર જો;
હાંરે રાવ બાહાદુર બન્યા તે દીનથી જો,
કીધી ભલા અંગ્રેજે મેહેરજો. ઘણું— ૫.
પછી પ્રાટે વીચાર્યું મન ભાવથી જો,
લખી વાળ્યું સરકારમાં એમ જો;
હાંરે આપું માન ભરી દરબારમાં જો,
કીધું માન્ય સરકારે તેમ જો. ઘણું— ૬.

ત્યારે તેડયું દરબાર શાની સાંહુાંજના જો,
તેરમીને અક્ટોબર માસ જો;
હારે સને અરાડ શીત્તોતેર સૂભ છે જો,
સરકારે પૂરી કીધી આશ જો. ઘણું– ૭.
બહુ લોક મોટા મોટા મેળવી જો,
તે મધે બેસાડયા કરી ઠીક જો;
હારે જગજીવન ને રૂસ્તમજી શેઠની જો,
બેઠી જોડ શોભંતી નજીક જો. ઘણું– ૮.
આપી સનંદો કલેકટરે હાથથી જો,
હાર તોરા બીડી પાન સાથજો;
હારે જાણે દીન દીવાળીનો આવીઓ જો,
શું ગાઉં મુખે કરી ગાથજો. ઘણું– ૯.
દેશી મિત્ર આશીશ દે છે ઉરથી જો,
પામો બહૂ બહૂ સનમાન જો;
હારે દેશી લોકોની દશા જોઇ ઉજળી જો,
કરવા કાવ્ય લાધું મુને તાનજો. ઘણું–૧૦.

હુલડના ભોગમાં સપડાએલા છ જણાઓ વીશે.

ગરબી ૧૭.

હારે રોકયા છે ઘાટ ગોવાળીએ જો—એ રાગ.

જુઓ જુઓ જુલમ થયો પૂરમાં જો,
અતી થયો મોટો ઉતપાત જો;
હારે એની કહી જાય નહીં વાત જો. હારે જુઓ—ટેક.
સુદી નોમ વૈશાખની સાંહાંજના જો,
શનીવારે સાહયા આવી ઝટજો;
હાંરે હુઓ હાહાકાર તે આખા પૂરમા જો;
પડયા કેદ જઇને જણ ખટ જો. હારે જુઓ—૧.
એક વકીલ ગુલાબદાસ જાણજો જો,
બીજા મંછારામને લીધો સંગજો;
હારે સાથે કીકાભાઇને પણ જાણવો જો,
જુઓ બીજો મચ્યો કેવો રંગજો. હારે જુઓ—૨.
બીજે દીન દલાલ ગણપતને જો,
તે સાથે હરજીની જોડ જો;

હાંરે નારણશંકરને દીન સાતે લઇ ગયા જો,
થયા પૂરા મોતી તણા કોહોડ જો. હાંરે જુઓ—૩.
આલ્યું કામ લેલીને આગળે જો,
તેણે કીધું મઝાનું કામ જો;
હાંરે કીધા કમીટ જડજની આગળે જો,
તેણે વધી પાપીઓની હામ જો. હાંરે જુઓ—૪.
ગયા વકીલો છએના મુંબાઇમાં જો,
હાઇ કોરટે મેળવવા ન્યાય જો;
હાંરે તેને જુદો જડજ એક આલીઓ જો,
ભલો પોલન જીવોની એની માએ જો. હાંરે જુઓ—૫.
તેણે મુકયા છોડી છએ જાણને જો,
કાળી દ્વાદશીને બુધવાર જો;
હાંરે ભલો ભાદરવો ભાગ્યે મળ્યો જો,
થયાં ખુશી સરવે નરનાર જો. હાંરે જુઓ—૬.
વંહેંચ્યાં શાકર પેંડા તે પૂર વાસીએ જો,
કીધા દીપક મંદીરની માંહે જો;
હાંરે ગાય ગીત મંગળ મળી માનની જો,
લાગાં દેવ દેવીને જઇ પાય જો. હાંરે જુઓ—૭.
થયાં મંન મધન પૂર વાસીના જો,

પાંચ સાતે કુટયાં બહુ પેટ જો !;
હાંરે જાણે મુઆ પોતાનો પોરીઓ જો !,
મળી જુની જુતાંની બહુ ભેટ જો !. હાંરે જુઓ-૮.
થયું કાળું કાળું કરનારનું જો,
નાંખી લોકે તેને મુખ ધૂળ જો;
થુ થુ કરી થુકયાં નરનારીઓ જો,
કહે બોળ્યું પાપીઓએ કૂળ જો. હાંરે જુઓ-૯.
દશી મિત્રે સહન કીધું સેહેલથી જો,
પણ પ્રભુ ભોળા નથી ભાઇ જો;
હાંરે તે તો કર્મ પ્રમાણે ફળ આપશે જો,
એમાં શક રાખો નવ કાંઈ જો. હાંરે જુઓ-૧૦.

સુરતના હુલડ વીશે.

ગરબી ૧૮.

બુરાનપુરી રાગ.

પ્રથમ તાળી પાડો હાથ, પગનાં પગલાં ભરો સાથ;
રૂડી જોડી ગાઓ ગાથ, મન હરનારી. ૧

થયુ હુલડ સુરતમાંઈ, સઉ જાણે બાઇ ભાઈ;
તે બતાવું ફરી ગાઇ, મન ઠરવાને. ૨.
પકડયા છ જણા જે નર, તેણે ખરચ્યું બહુ જર;
શત્રુને બનાવ્યા ખર, કીધાં મોહો કાળાં. ૩.
ભીડયા મુંબાઈ સુધી ધાંઇ, લાવ્યા જડજ નવો આંહી;
તેથી નીકળ્યા તેઓ નાહી, નર ચતુર ખરા. ૪.
જડજ પોલન આવ્યો ઠીક, તેથી ભાગી મનની બીહીક;
કીધો ઈનસાફ અધીક, મન ખટક ધરી. ૫.

સાખી.

ખટક ધરી મનમાં ખરી, નીરમળ કીધો ન્યાય;
જશ વાધ્યો તેથી બહુ, રઈયત સઘળી ચહાય—૧.

ચાહે રઇયતરે ચાહે રઇયત, અનીહાંરે ચાહે રઈયત;
ચાહે રઇયત મન ઘણું, નથી ખોટું એમાં અણું;
બીજું સંક્ષેપથી ભણું, લેજો મન ધારી. ૧.
મુક્યા છએ જણને છોડી, લોકો ગયા લેવા દોડી;
ઘોડાગાડી વેહેલો જોડી, ઉર હરખ ઘણો. ૨.
બેઠા આસને પોલંન, જોવા લાગા સરવે જન;
થોડી બીહીક રહી છે મંન, જુએ ટગર ટગર. ૩.
એટલે ઓચરીઆ જડજ, નથી ગુનો કીધો રજ;

માટે મુકુંછ છોડી છજ, જાઓ ભુવન ભાગી. ૪.
લાવ્યા સાક્ષી જે સરકાર, નથી મુજને તેનો ભાર;
જરૂર કાંધી મારા માર, એણે રાયટમાં જઇ. ૫.

સાખી.

ફુલડમાં સામેલ રહી, કીધી મારા માર;
તે ગુનાથી છટકવા, ખટપર મુકયું આળ—૨.

આળ મુકયુંરે આળ મુકયું; અનીહરિ આળ મુકયું.
આળ મુકી છટકી જાવા, કીધા સઘળા કાવા દાવા;
વાહાલા પોલીસના થાવા, આવ્યા કોરટમાં. ૧.
પડીઓ સાક્ષીનો વરસાત, છે એ અજબ જેવી વાત;
મોટો કીધો છે ઉતપાત, શેહેર સૂરતમાં. ૨.
તોહોમતવાળાના સાહેદ, તેણે ખોલ્યો સઘળો ભેદ;
મટીઓ મારા મનનો ખેદ, ખરી વાત જડી. ૩.
એ છે આબરૂવાળા લોક, તેણે રાખી સઘળી નોક;
થઇ મેહેનત સરવે ફોક, સરકાર તણી. ૪.
નથી બનીઓ ગુનો લેશ, કાહાડયો ઠાલો ખોટો વેશ;
ફીધા વીદાએ ચોળી એસ, તરકટીઆને. ૫.

સાખી.

તરકટીઆ ઝાંખા પડયા, ખુણે બેઠા રોય;
સનમુખ કોઈ આવે નહીં, માન ન આપે કોય—૩.

માન નાપેરે, માન નાપે; અનીહાંરે માન નાપે.
માન નાપે પ્રજા કોઇ, તેથી બેઠા ઘરમાં રોઇ;
આબરૂ મેળવેલી તે ખોઇ, કરી દુષ્ટ કરમ. ૧.
ઉતર્યું પાણી મોતી તણું, વારે વારે શું હું ભણું
લાજ લાગે કેહેતાં ઘણું, તેવા નફટને. ૨
થયું વેહેવાનું તો વરષી, બીજી વાત નિપજશે નરશી;
રહી છે રઇયત જોવા તરસી, કેવો તાલ બને? ૩.
"કોન્સ્પીરેસી"ના કરનાર, જો જો કેવો ખાશે માર;
કેવા દોરાશે દરબાર, હાથ કડીઓ પેહેરી. ૪.
કર્મ અઘોર જેણે કીધું, કલંક સૂર્યપૂરને દીધું!;
જેથી જગત સઘળું બીધું, તેનું ફળ જમશે. ૫.

સાખી.

ફળ જમશે રહી પાંજરે, કાળું કૃત કરનાર;
ત્યારે મન સઉ રીઝશે, પૂરવાસી નરનાર—૪.

નર નારીરે નરનારી, અનીહાંરે નરનારી.

નરનારી જોએ વાટ, ખોટા ઘડીઆ જેણે ઘાટ;
તેના કહાડો સવેળા કાટ, દારી દરબારે. ૧.
ખરા ગુલાબદાસને ભણું, મંછારામને સાથે ગણું;
બળ છે કીકાભાઇનું ઘણું, તે તો જગ જાણે. ૨.
નારણશંકર છે માહાદેવ, ગણપત કરે ગણેશની સેવ;
હરજીવનને સાથે લેવ, સામા લડવાને. ૩.
છએ જણા છતા પડી, ઘાલશે દુષ્ટોને કર કડી;
બેડી જુગલ ચરણમાં જડી, લોહે હોલવશે. ૪.
દેશી મિત્ર કહે છે ખરૂં, ઉડશે રૂપૈયાના ચરૂ;
ભૂવન બારિસ્ટરના ભરૂં, ખૂબ મમત વધ્યો. ૫.

સુરતી શોખીનો વીશે.

ગરબી ૧૯.

સારૂં સારૂંરે સુરત શેહેર, મુંબાઇ અલબેલી.
એ રાગ.

જુઓ જુઓરે જગતના લોક, સુખીયા કેહેવારે !;
કરે દામ વીના તે શોક, દરદી જેવારે. ટેક.

શોખીલા સુરતીઓ ભારી, મોજ ઉમંગે કરતારે;
ગરબાની મોસમ આવેથી, અબરખ છાંટી ફરતા–સુખીયા ૧.
ખીસામાં ખખડાવે નાણાં, મીઠાઇ મેવા ખાતારે;
કસુંબા પાઘડી તોરાળી, પેહેરી પગરખાં રાતા–સુખીયા–૨.
અંગરખો ભારી શીવાડ્યો, દૂસાલો માહા મુલીરે;
હીરકોરી ધોતી પેહેરીને, રૂમાલ ધરે કર ફુલી–સુખીયા–૩.
બરફી પેંડા ઘારી ઘુઘરા, માવો મેહેસુર જમતારે;
સુતરફેણી મગજ સંઘાથે, ભારી રાખી મમતા–સુખીયા–૪.
વીધવીધના પકવાન વસાવી, ભલાં ભોજન સઉ કરતારે;
પાન બીડીમાં એળચી મુકી, મુખવાસ મુખમાં ધરતાં સુખીયા ૫
પણ હવે રોજગાર ગયાથી, ખીસાં થયાં છે ખાલીરે,
ઉપરથી ઉજવળ બનીને, આવે કાળજું બાળી–સુખીયા–૬.
મીઠાઇમાં મમરા પૈસાના, ગણદેરી લઇ સાથરે;
પઇએકની બીડી ફુંકીને, ભટકે આખી રાત–સુખીયા–૭.
વસુ વીનાના પશુ થયાથી, મનમાં બહુ બહુ દાઝાજેરે;
દરિદ્રતા આવેલી જોઇને, ઉરમાં અગ્નિકા લાજે–સુખીયા–૮.
ગયાં સૂખ સંભારી રૂએ, ગયો વખત વખાણેરે;
ઓ પરમેશ્વર આ શું કીધું! થયાં દુખી વાગ્ નાણે–સુખીયા–૯.
દૂરદશા જગતની જોઇને, ઉઠે ઉદરમાં લાહેરે !;

દેશી મિત્ર ઇશ્વર સંભારી, હીત સરવેનું ચાહે—સુખીયા·૧૦.

સુરતના હુલડમાંથી દેશી મીત્ર છુટી ગયાથી તેની માતાના હરખ વીશે.

ગરબી ૨૦.

આજ બંગલેમે ઘુઘરૂ બાજે. એ રાગ.

આજ ભુવન મારે દીવાળી, હરિ બેની પાડો રૂપાળી તાળીરે—
આજ—ટેક.

ડુબતું નાવ કીનારે આવ્યું, સંકટ રાખ્યું ખાળીરે·આજ ૧
શારદુલ મુખથી છટકયો છોરડો, જોની સખી·નીહાલીરે·આજ·૨
હાથ ગયો હીરો મુજ પાચો, પ્રીતે પ્રભુએ મુને પાળીરે·આજ·૩
દેશી મિત્રની જનુનીનો છોરડો, ઠર્યો પુત્રને ભાળીરે·આજ·૪

મને હરખ થયો મન ભારી, હારે મારો ઘાવ રૂઝાયો કારીરે—
મને—ટેક.

ફીરીને ફેર કરે આ પૂરમાં, દાઝે મન સંભારીરે. મને—૧.
વીના કારણ પકડયા ખટ જણને, ઇશે લીધા ઉગારીરે·મને—૨.

કાચા કાનના અમલજદારે, સાંભળી ખોટી ચાડીરે. મને—૩.
દેશી મિત્ર ઘર આવ્યા હસતા, સારી સુરતને તારીરે. મને—૪.

મારે આજ આનંદની હેલી, હાંરે આવો રમવા રાસ સવેળીરે—
મારે—ટેક.

ગયા પુત્ર પાછા આવ્યા ઘર, કરશે શું પોલીસ પેલીરે—મારે-૧.
મંદીરમાં મંડપ પુરીને, ફુલડાં મુકયાં વેરીરે. મારે—૨.
પ્રગટયા દીપમાળમાં દીપક, થઈ છે રંગની રેલીરે—મારે-૩.
દેશી મિત્ર કહે લીધાં ઓવારણાં, નારી ચઢી હવેલીરે—મારે-૪.

જોની જગમાં આનંદ છાયો, હાંરે હરે હેત કરી કર સાહયોરે—
જોની—ટેક.

શાકર પેંડાપતાસાં વેંહેંચી, જશ પ્પટ બાળ્યા ચાયોરે જોની-૧.
પય પાયાં તાપી માતાને, ઘર ઘર ગરબો ગાયોરે જોની-૨.
ભેટી મળી કરી સલામ સરવને, ખુબ આનંદ રસ પાયોરે જોની-૩.
દેશી મિત્ર કહે જશ બહુ વાધ્યો, અરી ઉર લાગી લાહયોરે-જોની-૪.

ગરબી ૨૧.

નમો નમોને પ્રભુને તમે ગાનારી,
રૂડી ગાઉં ગરબી તે લો ધારી;

મારો આજ રૂઝાયો છે ઘા કારી,
મારા દયાળુ પ્રભુએ મુજને ઠારી.
ઓ સાહેલી—બાજી બેલી—હાર્યા ફલી—પ્રભુ બેલી.
તેથી પુત્ર અમારા ઘેર આવ્યા,
રૂડી કીરતી અમર તે સંગ લાવ્યા;
આખી જગતતણે મનડે ભાવ્યા,
ખરા સૂરવીરમાં પોતે કેહેવડાવ્યા.
વાત કથી—ખોટી નથી—શત્રૂ બથી—મુઆ મથી.
તેની અપકીરતી લોકે ગાઇ,
તેની જણનારી બહુ વગોવાઈ;
તે તો ફરતાં મરે છે શરમાઇ,
તેનાં મુખડાંપર કાજળ છાઇ.
મારે ઘેર—લીલાલેહેર—થઇ મેહેર—રૂડી પેર.
રૂડી પેર થઇ છે મારે લીલાલેહેર,
મારા પુત્ર પનોતા આવ્યા ઘેર;
મારા નેત્રતણું ઓલવાયું ઝેર,
કીધી દીનદયાળે મુજપર મેહેર.
ઓ ઇશ—નામુ સીશ—છાંડો રીસ—લોકાધીશ.
મારે આજ દીવાળીનો દીન સાચો,

તમે જગપતીને જન જાચો;
બીજા મીથ્યા સંગે શું રાચો,
એક ઇશ્વરના ગુણને વાંચો.
એ છે બાપ—બાળે પાપ—જપો જાપ—મટે તાપ.
ત્રણ તાપ મટે ઇશ્વર ભજતાં,
થાય દૂખ અમાપ એને તજતાં;
જોયાં અનેક કટુ ફળ નીપજતાં,
દશી મિત્ર તર્યા ગુણને સજતાં.

સુરતના હુલડમાં છ જણાઓ પકડાએલા તે વ.શે.

ગરબો ૨૨.

ઓધવજી સંદેસો કેહેજો કહાનને. એ રાગ.

હીંમતની કીંમતની શી કહું વાતડી,
પકડયા અમને પોલીસે શી પેર જો;
ઉઘાડું કોરટમાં સરવે જાણીયું,
કીધા તેણે જગમાં અકરાકેર જો, હીંમતની. ૧.

હીરજીભાઇ પકડવા મંછારામને,
કીકાભાઇને લીધા તેણે સાથ જો;
ગુલાબદાસને જહાંગીર ઝાલી લઇ ગયો,
ત્રીજા ત્રણની ગાઉં હવે હું ગાથ જો. હીંમતની. ૨.
બીજે દીને દલાલોને લાવીયા,
ગણપત સાથે હરજીવનની જોડ જો;
સાતમે દીને નારણશંકરને ધર્યા,
મોતીલાલે કીધા પુરા કોહોડ જો. હીંમતની. ૩.
રાખ્યા કોલાની કોટડીમાં સર્વને,
દીન આઠમે ચાલ્યું કોરટમાં કામ જો;
ત્યારપછી વલસાડે જકડી લઇ ગયા,
ભલી કીધી લેલીજીએ હામ જો. હીંમતની. ૪.
તે પેહેલાં કીધા જુદા જન ચારને,
મોટી જેલે કીધો જઇને વાસ જો;
દલાલોને કીલા કોટમાં રાખીઆ,
નવ ત્રીજાનો તેની સંગે વાસ જો. હીંમતની. ૫.
ત્યારપછી જન ખટને સાથે લઇ ગયા,
ઘાલી બેડી દોરડાં બાંધી હાથ જો;
તોપણ તે ખટ ઝાંખા મનમાં નવ થયા,

હીંમત રાખી ભજતાં જગનો નાથ જો. હીંમતની. ૬.
કામ ચલાવ્યું બાર દીવસ વલસાડમાં,
લાવ્યા સરઘસ સુરતમાં નીરધાર જો;
લીધા સાક્ષીઓ નવલા લાવ્યા ફરી ફરી,
જબરો લાગ્યો છ સંગાથે ખાર જો. હીંમતની. ૭.
કામ કરી પુરૂં લેલીએ ખંતથી,
મોકલી દીધા સેશનમાં તે વાર જો;
બીજા કારણ માટે મંછારામને,
કીધો ઉભો કરવા તેને ઠાર જો. હીંમતની. ૮.
કર્યા જુવાબ મંછારામે તે ટાંકણે,
મનમાં રાખી હીંમત ભારે ધીર જો;
કામ રખાવ્યું બંધ લેલીની પાસતે,
ભલો ગણાયો જુગમાં એ શૂરવીર જો. હીંમતની. ૯.
હવે પછી સંસ્કાર થયા તે સાંભળો,
શાને થાઓ છો સુણતામાં દલગીર જો;
નથી અમારા મનમાં એની ગણતરી,
થયા દુ:ખના ખરા જાણ્યા ખટ કીર જો. હીંમતની. ૧૦.

ગરૂબી ૨૩.

ગોકુળ ઘરસે મહીયારી ઉતરીરે લોલ. એ રાગ.

ગયા હોઇ કોરટમાં હોંસથીરે લોલ,
ન્યાય મેળવવા નીરમળ જો;
ભલો પોલન ત્યાંથી આલીઓરે લોલ–ટેક.
તેણે કામ ચલાવ્યું રૂડી રીતથીરે લોલ;
નથી છળ કપટ તેને ઉર રે. ભલો. ૧.
સાઠ સાક્ષી લીધા તે સઉ દેખતાં રે લોલ;
જોઇ થયા દખીને ચકચૂર રે. ભલો. ૨.
પડયા સાક્ષી ખોટા તે સરકારના રે લોલ;
ઝાંખું પડયું તે મોતીનું નૂર રે. ભલો. ૩.
સાથી તેના તે બહુ શરમાઈ મુવારે લોલ;
દાધાં તેનાં કલેજાં ક્રૂર રે. ભલો. ૪.
થઇ ઘણી ફજેતી સાક્ષી સર્વની રે લોલ;
થુંકયા તેના મ્હોપર પુર જંન રે. ભલો. ૫.
પાડી તાળી ને પજવે ઘણું ઘણું રે લોલ;
ઘણા ઘણા ખુશી થયા મંન રે. ભલો. ૬.
લાવ્યા સાક્ષી કીકાભાઇ આપના રે લોલ;

અગન ગાડીમાં મુંબાઇથી ઠીક રે. ભલો. ૭.
ખરા વજનદાર તને ગણ્યા રે લોલ;
પામ્યા તેથી ફતેહ અધીક રે. ભલો. ૮.
ગુલાબદાશે ગુવાઇ ઘણા મુકીઆ રે લોલ;
તેણે પાર ઉતારયું કામ રે. ભલો. ૯.
મુકયા છોડી તે ખટ જનને રે લોલ;
ભાંગી મોતીલાલની હામ રે. ભલો. ૧૦.
આવ્યા ઘેર છએ જાણા ગાજતારે લોલ;
લીધા લોકે વધાવી ઠીક રે. ભલો. ૧૧.
વહી ગયા દહાડા તે માહા દુઃખના રે લોલ;
લાગી વેહેવા તે સુખડાંની નીકરે. ભલો. ૧૨.
ભલ ભલા વખાણું ખટ જનને રે લોલ;
બહુ રાખી હઇઆમાં ધીરરે. ભલો. ૧૩.
ડગ્યા નહીં તે મહા દુઃખ દેખતાં રે લોલ;
શું ખમશે શૂરા શૂરવીર રે. ભલો. ૧૪.
રાખ્યા રેન કાળીમાં તુરંગમાં રે લોલ;
નવ દીપક તણો પ્રકાશ રે. ભલો. ૧૫.
સેજ સુવાની ભોંય સાથરે રે લોલ;
કીધો સાપ ચતુર ત્યાં વાસ રે. ભલો. ૧૬.

આપ આપ ભુવનથી આવતુરે લોલ;
ભોજન કાચું કોરૂં નીશ દીન રે. ભલો. ૧૭.
તે હોંસે ખાઇને ખૂબ રાચતારે લોલ;
કરતા ભકતી બેસી ભિન ભિન રે. ભલો. ૧૮.
લઇ જાએ લાવે કોરટમારે લોલ;
હાથ કડી ઘાલીને બાંધી રાસ રે. ભલો. ૧૯.
તોએ હીમત જરા નવ હારીઆરે લોલ;
કેહેતા મૂખે વાદે છે અરી ઘાસ રે. ભલો. ૨૦.
હાથ કડીને હેમની તે માનતારે લોલ;
કીધો જાણે કતારે વાસ રે. ભલો. ૨૧.
જાણે પાણી બદલ સારૂ આવીઆરે લોલ;
એમ બોલે મંછુ કીકો ખાસ રે. ભલો. ૨૨.
બોલે ખુલ્લે મોહોડે લોકો આગળેરે લોલ;
થાશે જય સત્યનો નીરધાર રે. ભલો. ૨૩.
શાને કરો છો શોક તમે સઉ મળીરે લોલ;
જો જો આવ્યા ઘરે આ વાર રે. ભલો. ૨૪.
જોઇ હામ મંછુને કીકા તણીરે લોલ;
લોક શોક તજે થોડી વાર રે. ભલો. ૨૫.
કહે લોક છે ધંન એની માતનેરે લોલ;

હસી જુવે આંખોમાં રાખી પ્યાર રે. ભલો. ૨૬.
કીધી મદદ નાણાંની લોકે ઘણીરે લોલ;
બહુ લાગી હઇઆગાં હેત રે. ભલો. ૨૭.
સઉ બોલો મગજ તીખાં કરીરે લોલ;
શત્રુ જનમ્યાં કયાંથી પાપી પ્રેત રે. ભલો. ૨૮.
કીધું કામ કઠોર જે જે જનેરે લોલ;
તેને દે છે લોકો બહુ શાપ રે. ભલો. ૨૯.
થાજો વાસો પાપીઓનો નર્કમાંરે લોલ;
કીધાં ઘોર અધરમી એ પાપ રે. ભલો. ૩૦.
દેશી મિત્ર વદે છે વાંણી મૂખથીરે લોલ;
શાને કરીએ હવે સંતાપ રે. ભલો. ૩૧.
જોની ઉગ્યા અર્ક તે આજ હેમનારે લોલ;
સઉ જપો રણછોડજીનો જાપ રે. ભલો. ૩૨.

ગરબો ૨૪.

અમે અમારે ઘેર જઇએરે ભાઇ રામરામ છે.
એ રાગ.

વાહાલા હમારા ઘેર આવ્યારે, સઉ જે બોલો;